**આંક–૨૪**

## <u>મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ</u>

**રેફરન્સ (એલસીબી) નંબર–૨૨૫/૨૦૧૬**

**પ્રથમ પક્ષકારઃ** માલિકશ્રી/મેનેજરશ્રી,
એરો એગ્રો કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ લી.,
પ્લોટ નંબર–૩૨૪૬ થી ૩૨૫૧,૩૩૨૫ થી ૩૩૨૯,
જી.આઇ.ડી.સી., પાનોલી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

**વિરૂદધ**

**બીજા પક્ષકારઃ** શ્રી પવનકુમાર યાદવ.
૫/૧૧, આનંદ વિહાર સોસાયટી,
ઓ.એન.જી.સી.કોલોની નજીક,
તા.અંકલેશ્વર, જી. ભરૂચ.

**હાજર રહ્યાઃ** પ્રથમ પક્ષકાર તરફે વિદ્ધાન વકીલ શ્રી એમ.ડી.રાણા.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી ડી.એસ.જોગ.

## <u>–:– ચુકાદો –:–</u>

(૧) હાલનો રેફરન્સ ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૨૫/૦૫/૨૦૧૬ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

## <u>–:– અનુસુચિ –:–</u>

શ્રી પવનકુમાર યાદવને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(૨) આ કામે પક્ષકારોને નોટીસ બજતાં બીજા પક્ષકાર તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજથી

ઓપરેટર તરીકે માસિક રૂ.૧૩,૭૨૦/– ના પગારથી તેમની નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા.

બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ દરમ્યાન કામગીરી બાબતે, વર્તણુંક બાબતે કોઇ મેમો, નોટીસ કે ચાર્જશીટ મળેલ નથી.તેઓનો પાછલો રેકોર્ડ ખુબ જ સ્વચ્છ હતો. પ્રથમ પક્ષકારને તેઓની કામગીરીથી સંતોષ હતો.

બીજા પક્ષકાર સંસ્થાના જવાબદાર અધિકારીશ્રીઓનો સીધી સુચના અને દેખરેખ હેઠળ તેઓ કહે તે મુજબ તમામ કામગીરી તેઓએ બજાવવાની રહેતી હતી.

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે એકાએક તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજના પત્રથી તા.૧૩/૦૧/૨૦૧૬ ના કહેવાતા બનાવ તેમજ તા.૦૬/૦૨/૨૦૧૬ ના રોજ કહેવાતા બનાવના આધારે એકતરફી રીતે તેઓને સાંભળવાની કે ખુલાસો કરવાની તક આપ્યા સિવાય કે બચાવની વ્યાજબી તક આપ્યા સિવાય ગેરકાયદેસર રીતે તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજના લેખિત હુકમથી છુટા કરેલછે. છુટા કરતા પહેલા તેઓને બચાવની તક આપેલ નહિં, નોટીસ આપેલ નહિં કે નોટીસ પગાર ચુકવેલ નહિં.છટણી વળતર ચુકવેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી કે બચાવની કોઇ તક આપેલ નથી. જે પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

બીજા પક્ષકારને તા. ૦૮/૦૨/૨૦૧૬ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ. જયાં સામાવાળા સાથે કોઇ સમાધાન શકય ન બનતા સદર કામ નામ.કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપરત કરેલ છે. જેને ચલાવવાની નામ.કોર્ટને સત્તા અને હકુમત છે.

બીજા પક્ષકારે સંસ્થામાં દર વર્ષ ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે જેનો પુરાવો સંસ્થાના કબજામાં છે.

બીજા પક્ષકાર બેકાર છે. નોકરી મેળવવા પ્રમાણિક પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી રોજગારી મળેલ નથી. સંસ્થા તેમની જગ્યાએ અન્ય વ્યક્તિને રોકી કામગીરી કરાવે છે. તેઓ આજે પણ સંસ્થામાં કામગીરી બજાવવા રાજી અને ખુશી છે.

સબબ બીજા પક્ષકારને તા. ૦૮/૦૨/૨૦૧૬ ના રોજથી ગેરકાયેદસર રીતે છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરે પુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય હરકોઇ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/- ચુકવી આપવાનો હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૮ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન તદ્દન ખોટું, ગેરકાયેદસર અને ગેરવ્યાજબી છે. પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી.

માંગણાના નિવેદનની જે જે હકીકતો તેઓ કબુલ મંજુર રાખતા નથી તેવી હકીકતોનો સાફ ઇન્કાર કરીએ છીએ. અને તેવી હકીકતો બીજા પક્ષકારે સ્પષ્ટપણે સાબિત કરવાની રહેશે.

બીજા પક્ષકારને સદર રેફરન્સ કરવાનો કોઇ કાયદેસર હકક કે અધિકાર નથી. તેમજ નામ. અદાલતને સદર રેફરન્સ ચલાવવા કોઈ કાયદેસર હકુમત નથી.

માંગણાના નિવેદનના પેરા-૧,૨,૩,૪ ની હકીકત તદ્દન ખોટી અને ગેરકાયદેસર છે. પ્રથમ પક્ષકારને તે કબુલ મંજુર નથી. ખરી હકીકતે બીજા પક્ષકાર સંસ્થામાં હંગામી ધોરણે પ્રોબેશન પિરીયડ પર ફરજ બજાવતા હતા.અને તેમના પ્રોબેશન પિરીયડના ગાળામાં વારંવાર ગેરવર્તણુંક આચરતા હતા. તે અંગે સંસ્થાએ તેમને વારંવાર સુધરવાની તક આપેલ હતી. પરંતુ તેમની વર્તણુંકમાં કોઇ જ સુધારો આવેલ નહિં. સંસ્થાએ તેમને સુધરવા માટે તેમની ગેરવર્તણુંક બાબતે પ્રથમ ૩ દિવસ સસ્પેન્શનની શિક્ષા કરીને તેમતને સુધરવાની તક આપેલ.છતાં તેમની ગેરવર્તણુંકમાં કોઇ સુધારો થયેલ ન હતો. તેઓની ગેરવર્તણુંક વધતી જતી હતી.અને સંસ્થામાં તેમની ક્રિટીકલ ફરજનું કામ છોડીને સંસ્થાના સમગ્ર પ્લાન્ટની સીક્રસી એવા પ્લાન્ટમાં ફરીને ફોટા પાડતા હતા અને માહિતી એકત્ર કરીને બહાર લઇ જવાની પેરવી કરી રહ્યા હતા.જેથી સંસ્થાને તેમની ઉપર વિશ્વાસ ઉઠી ગયેલ હોવાથી સંસ્થાને નાછુટકે તા. ૦૮/૦૨/૨૦૧૬ ના રોજ તેમના પ્રોબેશન પિરીયડ દરમ્યાન પ્રોબેશન પિરીયડમાંથી રીલીવીંગ પત્ર આપી રીલીવ કરવાની ફરજ પડી હતી. સદર રીલીવીંગ લેટર સાથે તેમના કાયદેસરના લેણા નિકળતા નાણાનો ચેક પણ તેઓને આપેલ હતો. અને તે ચેકના નાણા પણ બીજા પક્ષકારે સ્વિકારી લીધેલ હતા. આમ તેઓને રીલીવ કર્યા બાદ તેમણે

તેમનું રીલીવીંગ સ્વિકારી લીધેલ હતું. અને પાછળથી તદ્દન ખોટો અને ગેરકાયેદસર ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ હતો. બીજા પક્ષકાર કામદારે સંસ્થામાં એક વર્ષ પણ નોકરી કરેલી નથી કે એક વર્ષમાં પણ તેમણે સતત અને સળંગ ૨૪૦ દિવસ પુરા કરેલા નથી.સંસ્થાએ તેઓને અજમાયશી ધોરણે પ્રોબેશન પિરીયડમાં રાખેલ હતા.તે દરમ્યાન તેમનું પર્ફોર્મન્સ સારૂં સારૂ બતાવેલ ન હતુ. તેમણે ગંભીર પ્રકારની ગેરવર્તણુંક આચરેલ હતી.જેથી સંસ્થાએ તેમના પરથી વિશ્વાસ ગુમાવી દીધેલ હતો. જેથી નાછુટકે સંસ્થાએ તેમની નોકરીમાંથી રીલીવીંગ કરવાની ફરજ ઉપસ્થિત થયેલ હતી.

જો નામ.અદાલત એવા તારણ પર આવે કે, બીજા પક્ષકારની કોઇ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી અને રીલીવ કરી છુટા કરેલ છે. તો પ્રથમ પક્ષકાર સંસ્થાને નામ.અદાલત સમક્ષ તેઓની મીસ કન્ડકટ પુરવાર કરવા જરૂરી તક આપવા અરજ છે.

આમ ઉપરોકત હકીકતે બીજા પક્ષકારે માંગેલી દાદ જેવી કોઇ દાદ મેળવવા તેઓ હકકદાર બનતા નથી. બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરી પ્રથમ પક્ષકારને કોમ્પેન્સેટરી કોસ્ટ અપાવવા જવાબમાં જણાવેલ છે.

(૪) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ-</u>**

**<u>મૌખિક પુરાવાઃ-</u>**

(૧) આંક-૧૦ બીજા પક્ષકાર શ્રી પવનકુમાર યાદવની એફીડેવીટ ઉપર સર-તપાસ.

**<u>લેખિત પુરાવાઃ-</u>**

(૧) આંક-૫ માંગણાનું નિવેદન.
(૨) આંક-૭ પ્રથમ પક્ષકારનો જવાબ હકક બંધ કરવા બાબતે અરજી.
(૩) આંક-૯ દસ્તાવેજી પુરાવા લીસ્ટ.
(૪) આંક-૧૯ કલોઝીંગ પુરશીસ.

**<u>પ્રથમ પક્ષકાર તરફે:–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૨૧ | પ્રથમ પક્ષકારના સાહેદ શ્રી ભાવેશ જશવંતલાલ ઘોરાવાલાની જુબાની. |

**<u>લેખિત પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૮ | લેખિત જવાબ. |
| (૨) | આંક–૧૧ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ. |
| (૩) | માર્ક–૧૧/૧<br>આંક–૧૨ | અરજદારની નોકરી માટેનો બાયોડેટા. |
| (૪) | માર્ક–૧૧/૨<br>આંક–૧૩ | અરજદારનો ઓફર લેટર. તા.૧૯/૦૨/૨૦૧૫. |
| (૫) | માર્ક–૧૧/૩<br>આંક–૧૪ | અરજદારનો એપોઇન્ટમેન્ટ લેટર. તા. ૦૯/૦૩/૨૦૧૫. |
| (૬) | માર્ક–૧૧/૫<br>આંક–૧૫ | અરજદાર કામદારને આપેલ મેમો. તા.૨૩/૦૫/૨૦૧૫. |
| (૭) | માર્ક–૧૧/૭<br>આંક–૧૬ | અરજદાર કામદારની લીવ એપ્લીકેશન. |
| (૮) | માર્ક–૧૧/૧૪<br>આંક–૧૭ | અરજદાર કામદારને આપેલ ટર્મીનેશન લેટર. તા. ૦૮/૦૨/૨૦૧૬ |
| (૯) | માર્ક–૧૧/૧૫<br>આંક–૧૮ | અરજદાર કામદારને આપેલ ફુલ એન્ડ ફાઇનલ હિસાબ તથા ચેકો. |
| (૧૦) | આંક–૨૨ | કલોઝીંગ પુરશીસ. |
| (૧૧) | આંક–૨૩ | લેખિત દલીલ. |

**(૫)** આ કામના બીજા પક્ષકારના પ્રતિનિધિ શ્રી ડી.એસ.જોગ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઓપરેટર તરીકે તેમની નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારીથી કરતા હતા. અને આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર–માલિકના સબંધો હતા. આ કામના બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઇ નોટીસ, મેમો કે ચાર્જશીટ આપેલ નથી તેમજ બીજા પક્ષકાર વિરૂધ્ધ કોઇ ખાતાકીય તપાસ પણ હાથ ધરવામાં આવેલ નથી.આ કામે બીજા પક્ષકાર દ્વારા તેમનો કેસ પડેલ પુરાવાથી સાબિત કરવામાં આવેલ હોય, બીજા પક્ષકારનો રેફરન્સ કેસ માંગ્યા મુજબની દાદ સાથે મંજુર કરવો જોઇએ.

**(૫/૧)** આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્ધાન વકીલ શ્રી એમ.ડી.રાણાએ આંક−૨૩ થી લેખિત દલીલ રજુ રાખેલ છે. જે વંચાણે લીધી.

**(૬)** ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:−**

૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણય:−**

૧) આંશિક હકારાત્મક.

૨) આખરી હુકમ મુજબ.

**(૮)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**કારણો:−**

**મુદ્દા નંબર (૧−૨):−**

આ કામે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદન આંક−પ ના સમર્થનમાં આંક−૧૦ થી તેમની એફીડેવીટ ઉપર સરતપાસ રજુ રાખેલ છે. જેમાં તેઓએ તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનું મહદઅંશે પુનરાવર્તન કરેલ છે.

**(૮/૧)** આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્ધાન વકીલ શ્રી એમ.ડી.રાણા દ્ધારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, " મને નિ.૧૧/૧ બતાવવામાં આવે છે. તે મેં પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી મેળવવા કરેલ અરજી છે. જે રજુ દાખલ આંક−૧૨ છે. તેમાં મારી સહી છે. મને નિ.૧૧/૨ બતાવવામાં આવે છે. તે કંપનીએ મને આપેલ ઓફર લેટર છે. જે રજુ દાખલ આંક−૧૩ છે. તેમાં સ્વિકરાનાર તરીકે મારી સહી છે. મને નિ.૧૧/૩ બતાવવામાં આવે છે.

તે એપોઇન્ટમેન્ટ કંપનીએ મને આપેલો.તેમાં મારી સહી છે. જે રજુ દાખલ આંક–૧૪ છે. મને નિ.૧૧/૫ બતાવવામાં આવે છે. તે કંપનીએ મને ડીસીપ્લીનરી મેમો તા.૨૩/૧૧/૨૦૧૫ નો આપેલ તે છે.જેમાં મારી સહી છે. જે રજુ દાખલ આંક–૧૫ છે. મને નિ.૧૧/૬ બતાવવામાં આવે છે. તે એકસટેન્શન લેટર કંપનીએ મને આપેલ નથી. મને નિ.૧૧/૭ બતાવવામાં આવે છે. તે પત્ર મેં કંપનીને આપેલ. જે રજુ દાખલ આંક–૧૬ છે. મને નિ.૧૧/૮ બતાવવામાં આવે છે.તે એકસટેન્શન લેટર કંપનીએ મને તા.૦૨/૧૨/૨૦૧૫ નો આપેલ નથી. મને નિ.૧૧/૧૦ બતાવવામાં આવે છે. તે ફોટો મારો છે. મને નિ.૧૧/૧૩ બતાવવામાં આવે છે. તે ડીસીપ્લીનરી મેમો તા.૦૭/૦૨/૨૦૧૬ નો મને આપવામાં આવેલ નથી.મને નિ.૧૧/૧૪ બતાવવામાં આવે છે. તે ટર્મીનેશન લેટર તા.૦૮/૦૨/૨૦૧૬ નો કંપનીએ મને આપેલો. જે રજુ દાખલ આંક–૧૭ છે. મને નિ.૧૧/૧૫ બતાવવામાં આવે છે. તે કંપનીએ મને ફુલ એન્ડ ફાઇનલ હિસાબ અને ચેક આપેલ તે છે. જે રજુ દાખલ આંક–૧૮ છે... તે વાત ખરી છે કે, સદર ચેકના પૈસા મને મળી ગયેલ છે... તે વાત ખરી છે કે, કંપનીએ મને નોકરી ઉપર રાખેલ ત્યારે મને પ્રોબેશન પિરીયડ ઉપર રાખેલો...તે વાત ખરી છે કે, કંપનીએ મને કન્ફોર્મેશન લેટર આપેલ નહિં...તે વાત ખરી છે કે, કંપનીએ મને કન્ફોર્મ કરેલ નથી...તે વાત ખરી નથી કે મારી નબળી કામગીરીના કારણે કંપનીએ મને બે વખત મેમો આપેલો. સાહદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને એક વખત મેમો આપવામાં આવેલો...તે વાત ખરી નથી કે મને મેમો આપ્યા બાદ હું કંપનીમાં સુતો પકડાઇ ગયેલ હોય મને કંપની તરફથી બીજી વખત મેમો આપવામાં આવેલો...તે વાત ખરી નથી કે કહું મારૂં અગત્યનું કામ મુકીને કંપનીની ફોટોગ્રાફી કરતો હતો એટલે મને અક મેમો આપવામાં આવેલો...તે વાત ખરી છે કે મેં એપોઇન્ટમેન્ટ લેટરમાં વાંચીને સહી કરેલી. એપોઇન્ટમેન્ટ લેટરના પેરા–૩ માં લખેલ વિગત સાચી છે...તે વાત ખરી નથી કે પ્રોબેશન પિરીયડમાં મારી કામગીરી અને પરફોર્મન્સ સારૂં ન હતું...તે વાત ખરી નથી કે હું મારી નોકરી દરમ્યાન કંપનીની ફોટોગ્રાફી કરતો હોવ એટલે કંપનીને મારી ઉપર ભરોસો રહેલ ન હતો... તે વાતની મને ખબર નથી કે, આ અંગેની ફરીયાદ કંપનીના અધિકારીઓએ મારા વાઇસ પ્રેસીડન્ટને કરેલી...તે વાત ખરી નથી કે, મારી કામગીરીનું પરફોર્મન્સ સારૂં ન હોવાથી કંપનીએ મને છુટો કરેલો... કંપનીએ મને છુટા કર્યા બાદ હાલ હું બેકાર છું. મેં નોકરી શોધવા માટે પ્રયત્ન કરેલા. મેં મેઘમણી,પાનોલી, ઝગડીયા ખાતે નોકરી શોધવા પ્રયત્ન કરેલા. હાલ હું પાર્ટ ટાઇમ નોકરી કરૂં છું. ત્યાં મને રૂ.૫,૦૦૦/– થી રૂ.૬,૦૦૦/– મળે છે. હું અંકલેશ્વરમાં નોકરી કરૂં છું... મારા કુટુંબમાં બે સભ્ય છે. ઘરખર્ચ હું ચલાવું છું. "

**(૮/૨)** આ સિવાય બીજા પક્ષકાર દ્વારા અન્ય કોઇ સાક્ષી પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૮/૩) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તેમના સાહેદ શ્રી ભાવેશ જશવંતલાલ ધોરાવાલાની જુબાની આંક–૨૧ થી રજુ રાખવામાં આવેલ છે. જેમાં સરતપાસમાં સાહેદ જણાવે છે કે, તેઓ સંસ્થાના સિનીયર એકઝીકયુટીવ તરીકે સને ૨૦૧૫ થી નોકરી કરે છે.બીજા પક્ષકાર તેમની સંસ્થામાં તા.૦૫/૦૩/૨૦૧૫ થી પ્લાન્ટ ઓપરેટર તરીકે અજમાયશી ધોરણે ફરજ બજાવતા હતા.બીજા પક્ષકારનું પરફોર્મન્સ સારૂ ન હોય તથા તેઓએ ગેરવર્તણુંક આચરેલ હોય તેઓને તેમના પ્રોબેશન પિરીયડ દરમ્યાન તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજ રીલીવીંગ લેટર આપી તેમની નોકરીમાંથી તેઓને એક મહિનાનો નોટીસ પે, કાયદેસરના હકક હિસ્સાના નાણાના ચેકો આપી તેમની નોકરીમાંથી રીલીવ યાને ટર્મીનેટ કરેલા છે.

(૮/૪) આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્વાન વકીલ શ્રી એમ.ડી.રાણા દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, " તે વાત ખરી છે કે, આ કામના કબીજા પક્ષકાર અમારી સંસ્થામાં તા.૦૫/૦૩/૨૦૧૫ થી પ્લાન્ટ ઓપરેટર તરીકે નોકરી કરતા હતા...મને માર્ક–૧૧/૨,૧૧/૩,૧૧/૫ અને ૧૧/૧૪ બતાડવામાં આવે છે. તેમાં બીજા પક્ષકારને આ કાગળ આપ્યા બદલની સહી લીધેલી છે...તે વાત ખરી છે કે, બીજા પક્ષકારને કંપની દ્વારા કોઇ પણ કાગળ ઇસ્યુ કરવામાં આવે તો તેઓની સહી લેવામાં આવે છે...તે વાત ખરી છે કે, માર્ક–૧૧/૬ અને ૧૧/૮ ના પત્રો બીજા પક્ષકારને આપ્યા બદલની સહી નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બીજા પક્ષકારે સહી કરેલ નથી... તે વાત ખરી છે કે, ઉપરના પત્રો બીજા પક્ષકારને આર.પી.એ.ડી.થી મોકલેલ નથી... તે વાત ખરી છે કે, માર્ક–૧૧/૫ નો મેમો બીજા પક્ષકારને સ્વિકાર્યા બદલની સહી છે. જયારે માર્ક–૧૧/૧૩ વાળો ડીસીપ્લીનરી મેમો બીજા પક્ષકારને મળ્યા બદલની સહી નથી...તે વાત ખરી છે કે, માર્ક–૧૧/૧૩ વાળો મેમો બીજા પક્ષકારને આર.પી.એ.ડી.થી મોકલેલ નથી...તે વાત ખરી છે કે, મારી સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૦૬/૦૨/૨૦૧૬ ના રોજની નાઇટ શીફટમાં ફોટા પાડી બીજે મોકલતા હતા તેનો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી...તે વાત ખરી છે કે, બીજા પક્ષકાર નોકરીમાં જોડાયા તા.૦૫/૦૩/૨૦૧૫ થી છુટા કર્યા તા.૦૮/૦૨/૨૦૧૬ દરમ્યાન રજા બાબતે કોઇ મેમો આપેલ નથી... તે વાત ખરી છે કે, તા.૦૬/૦૨/૨૦૧૬ ના રોજના નાઇટ શીફ્ટના ગુના બદલ બીજા પક્ષકાર વિરૂધ્ધ મેમો, ચાર્જશીટ કે મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની જોગવાઇ મુજબ કોઇ કાર્યવાહી કરેલ નથી...બીજા પક્ષકારને છુટા કરતી વખતે નોટીસ પગાર ચુકવેલ છે. છટણી વળતર ચુકવેલ નથી."

(૮/૫) આ સિવાય પ્રથમ પક્ષકાર દ્વારા અન્ય કોઇ સાક્ષી પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૯) આ કામે રેકર્ડ વંચાણે લીધું. રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો. બંન્ને પક્ષકારોની મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૯/૧) આ કામે બીજા પક્ષકારની રજુઆત છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજથી ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. અને તેઓને સંસ્થાએ તા. ૦૮/૦૨/૨૦૧૬ ના રોજના પત્રથી તા.૧૩/૦૧/૨૦૧૬ તેમજ તા. ૦૬/૦૨/૨૦૧૬ ના કહેવાતા બનાવના આધારે એકતરફી રીતે તેઓને સાંભળવાની કે ખુલાસો કરવાની તક આપ્યા સિવાય તા.૦૮/૦૨/૨૦૧૬ ના લેખિત હુકમથી છુટા કરેલ છે. અને છુટા કરતા પહેલા તેઓને બચાવની તક આપવામાં આવેલ નથી. તેમજ નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી. કે ખાતાકીય તપાસ તેઓ વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ નથી. આ કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામે માર્ક-૯/૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ એપોઇન્ટમેન્ટ લેટરની નકલ રજુ રાખવામાં આવેલ છે. જેમાં આ કામના બીજા પક્ષકારની નિમણુંક " પ્લાન્ટ ઓપરેટર " તરીકે કરવામાં આવેલ છે. અને તેમાં બીજા પક્ષકારનો પ્રોબેશન પિરીયડ ૬ માસનો હોવાનું જણાવવામાં આવેલ છે. આ નિમણુંક પત્ર બીજા પક્ષકારને તા. ૦૯/૦૩/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ હતો. માર્ક-૯/૩ થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ આપેલ ટર્મીનેશન લેટરની ઝેરોક્ષ નકલ રજુ રાખવામાં આવેલ છે. જે ટર્મીનેશન લેટર તા.૦૮/૦૨/૨૦૧૬ નો છે. અને તેમાં આ કામના બીજા પક્ષકારને તા.૦૯/૦૩/૨૦૧૫ ના આપવામાં આવેલ નિમણુંક પત્રની શરતને આધિન તાત્કાલીક અસરથી તા.૦૮/૦૨/૨૦૧૬ ના રોજ એક માસનો નોટીસ પે આપીને તેઓને છુટા કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આંક-૧૧ થી જે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખવામાં આવેલ છે. જેમાં અરજદારને આપવામાં આવેલ એપોઇન્ટમેન્ટ લેટર જે માર્ક-૧૧/૩ થી રજુ છે જેને આ કામે આંક-૧૪ આપવામાં આવેલ છે. અને માર્ક-૧૧/૬ થી આ કામના બીજા પક્ષકારને આપવામાં આવેલ પ્રોબેશન એક્ષટેન્સન લેટર તા.૦૩/૦૨/૨૦૧૫ નો રજુ રાખવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારનો પ્રોબેશનનો સમયગાળો તા.૦૫/૦૯/૨૦૧૫ થી તા.૦૪/૧૨/૨૦૧૫ એમ કુલ ત્રણ માસ માટે લંબાવવામાં આવેલ હતો. અને માર્ક-૧૧/૮ થી બીજી વખત બીજા પક્ષકારનો પ્રોબેશન એક્ષટેન્સન લેટર રજુ રાખવામાં આવેલ છે. જે તા.૦૨/૧૨/૨૦૧૫ ના રોજનો છે. જેમાં બીજા પક્ષકારનો પ્રોબેશન સમયગાળો તા.૦૫/૧૨/૨૦૧૫ થી તા.૦૪/૦૩/૨૦૧૫ સુધી એમ ત્રણ માસ માટે લંબાવવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. અને માર્ક-૧૧/૧૪ થી બીજા પક્ષકારનો

ટર્મીનેશન લેટર જેને આ કામે આંક–૧૭ આપવામાં આવેલ છે તે રજુ રાખવામાં આવેલ છે. અને આંક–૧૮ થી બીજા પક્ષકારને ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટની નકલ રજુ રાખવામાં આવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદ શ્રી ભાવેશ જશવંતલાલ ઘોરાવાલાની આંક–૨૧ થી રજુ થયેલ સરતપાસ સંદર્ભે બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીએ કરેલી ઉલટતપાસમાં સંસ્થાના સાહેદે કબુલ રાખેલ છે કે, નિ.૧૧/૬ અને નિ.૧૧/૮ ના પત્રો બીજા પક્ષકારને આપ્યા બદલ સહી તેમાં નથી. અને સદર પત્રો બીજા પક્ષકારને રજી.પો.એ.ડી.થી મોકલેલ નથી તેમ પણ જણાવેલ છે. અને નિ.૧૧/૧૩ થી રજુ રાખવામાં આવેલ ડીસીપ્લીનરી મેમો બીજા પક્ષકારને મળ્યા બદલની તેમાં સહી નથી. અને પ્રથમ પક્ષકારના સાહેદ દ્વારા એ કબુલ રાખવામાં આવેલ છે કે, માર્ક–૧૧/૧૩ વાળો મેમો બીજા પક્ષકારને રજી.પો.એ.ડીથી મોકલવામાં આવેલ નથી. આમ આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા જે બીજા પક્ષકારનો એક્ષટેન્સનના પત્રો જે નિ.૧૧/૬ અને નિ.૧૧/૮ થી રજુ રાખવામાં આવેલ છે તે પત્રો બીજા પક્ષકારને તેમની હાજરીમાં આપવામાં આવેલ હોય અને તે બદલ તેઓની સહી લેવામાં આવેલ હોય તે સંદર્ભેનો કોઇ જ પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આ કામે રજુ રાખવામાં આવેલ નથી. તે સંજોગોમાં નિ.૧૧/૬ અને નિ.૧૧/૮ ના બીજા પક્ષકારના એક્ષટેન્સન પત્રો પ્રથમ પક્ષકાર સંસ્થા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેથી સદર પત્રો આ કામે માનવામાં આવતા નથી. અને આ કામના બીજા પક્ષકારને આંક–૧૪ થી આપવામાં આવેલ એપોઇન્ટમેન્ટ લેટરની શરત મુજબ તેઓ દ્વારા તા.૦૯/૦૩/૨૦૧૫ પછી ૬ મહિના બાદ તેઓનો પ્રોબેશનનો સમયગાળો પુર્ણ થઇ ગયેલ હોવાનું આથી માનવામાં આવે છે.

વધુમાં આ કામે પ્રથમ પક્ષકારના સાહેદ તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બીજા પક્ષકારને આપવામાં આવેલ આંક–૧૭ ના ટર્મીનેશન લેટરમાં જે તા.૦૬/૦૨/૨૦૧૬ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. અને તે સંદર્ભે બીજા પક્ષકારે જે કહેવાતો ગુનો કરેલ તે સંદર્ભે બીજા પક્ષકારને કોઇ મેમો, નોટીસ કે ચાર્જશીટ કે મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબ કોઇ કાર્યવાહી કરેલ નથી. આ કામના બીજા પક્ષકારને છટણી વળતર ચુકવવામાં આવેલ નથી તેવું પ્રથમ પક્ષકારના સાહેદે તેમની આંક–૨૧ ની જુબાનીમાં કબુલ રાખેલ છે.આ કામના બીજા પક્ષકારે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓને કંપનીએ કનફર્મેશન લેટર આપેલ નથી. પરંતુ ફકત કનફર્મેશન લટેર ન આપવાથી બીજા પક્ષકારને એપોઇન્ટમેન્ટ લેટરની શરતોનું પ્રથમ પક્ષકાર દ્વારા જે રીતે પોતાના લાભમાં અર્થઘટન કરવામાં આવે છે તે અર્થઘટન પ્રથમ પક્ષકાર સંસ્થા કરી શકે નહિં. અને જયારે બીજા પક્ષકારને

આપવામાં આવેલ પ્રોબેશન એક્ષટેન્સનના પત્રો પ્રથમ પક્ષકાર સંસ્થા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ બીજા પક્ષકારને કહેવાતા તા.૦૬/૦૨/૨૦૧૬ અને તા. ૧૩/૦૧/૨૦૧૬ ના બનાવ સંદર્ભે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબની પ્રક્રિયા અનુસરવામાં આવેલ નથી તેમજ તેનું પાલન પણ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આ કામે કરવામાં આવેલ નથી, તે હકીકત આ કામનું રેકર્ડ જોતાં સ્પષ્ટપણે ફલિત થાય છે.

**(૧૦)** આમ આ કામના બીજા પક્ષકારને તેઓની નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ધી આઇ.ડી.એકટની કલમ–૨૫ (એફ), ૨૫ (જી) અને ૨૫ (એચ) ના ભંગ સમાન હોય સદર કૃત્ય આથી ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**(૧૧)** આ કામે રેકર્ડ જોતાં બીજા પક્ષકાર ઓપરેટરની જગ્યાએ કામ કરતા હતા. બીજા પક્ષકાર જે પ્રકારનું કામ કરતા હતા તે પ્રકારનું કામ ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વસાહતમાં સહેલાઇથી મળી શકે તેમ છે. તેમજ બીજા પક્ષકારે કેસ દાખલ કર્યો ત્યારથી આજ દિન સુધી તેઓ ઘરે બેકાર બેસી રહ્યા હોય તે હકીકત માની શકાય તેમ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારને તેમની છટણીની તારીખથી નોકરીમાં પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી તેઓને ૨૦ % બેકવેજ ચુકવવામાં આવે તો તે ન્યાયોચિત અને વ્યાજબી ગણાશે.

**(૧૧/૧)** આમ ઉપરોકત હકીકતે પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું આથી ઠરાવવામાં આવે છે. તથા કેસની હકીકત તથા સંજોગો જોતાં આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી ૨૦ % બેકવેજીસ સાથે તેમની સળંગ નોકરી ગણી તમામ આનુસાંગિક લાભો સાથે પ્રથમ પક્ષકારમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ ફરમાવવામાં આવશે તો તે વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે તેમ ઠરાવી મુદ્દા નંબર–૧ નો જવાબ આથી આંશિક હકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે આખરી ન્યાયી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:– **આખરી હુકમ** –:–

**(૧)** બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર–૨૨૫/૨૦૧૬ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકાર એરો એગ્રો કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ લી.ને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયે દિન–૩૦ માં બીજા પક્ષકારને તેમની છટણીની તારીખથી તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના ૨૦% પગાર તથા અન્ય આનુસાંગિક લાભો સાથે તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા.

(૩) રેફરન્સ કેસના સંજોગો જોતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ખર્ચ પેટે રૂ.૧,૦૦૦/– ( અંકે રૂપિયા એક હજાર પુરા ) ચુકવી આપવા.

(૪) સદર હુકમની નકલ ધી આઇ.ડી.એકટની કલમ ૧૧(૧૦) મુજબ પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ભરૂચને મોકલી આપવી.

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Place : Bharuch
Date : 05/01/2018

Smt.S.K.Bhavsar
Stenographer